# નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત સાફલ્યગાથા

## તા.૧૦/૦૪/૨૦૨૩ થી ૧૬/૦૪/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|

**ખેરગામ પોલીસ સ્ટેશન**

PHONE No.:02634-220633
Email:-polstn-khergam-nav@gujarat.gov.in

**પ્રેસ નોટ - તા.૧૩/૦૪/૨૦૨૩**

**"ભારતીય બનાવટનો વિદેશી દારુ બોટલ નંગ-૨૩,૨૩૯ કિ.રુ.૩૧,૪૬,૮૦૦/- નો મુદામાલ નાશ કરતી નવસારી જીલ્લા પોલીસ"**

સ્વચ્છતા મિશન અન્વયે શ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ IPS પોલીસ અધિક્ષક, નવસારી નાઓની સુચનાથી નવસારી જિલ્લાના વાંસદા તથા ખેરગામ પો.સ્ટેના પ્રોહીબીશનના ગુનામાં કબ્જે કરવામાં આવેલ ભારતીય બનાવટની વિદેશી દારુના નાશની કાર્યવાહી કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| પોલીસ સ્ટેશન | કેસ | બોટલ | કિંમત |
|---|---|---|---|
| વાંસદા | ૧૧૩ | ૧૩૬૯૦ | ૧૭,૮૦,૭૯૮/- |
| ખેરગામ | ૧૧૪ | ૯૫૪૯ | ૧૩,૬૬,૦૦૨/- |
| કુલ | ૨૨૭ | ૨૩,૨૩૯ | ૩૧,૪૬,૮૦૦/- |

શ્રી ડી.આઇ.પટેલ સબ ડિવીઝન મેજીસ્ટ્રેટ વાંસદા, શ્રી એસ.કે.રાય નાયબ પોલીસ અધિક્ષક નવસારી વિભાગ નવસારી, શ્રી એ.આર.પટેલ નશાબંધી અને આબકારી અધિકારી, તથા શ્રી એમ.એસ.વસાવા કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી વાંસદા, તથા શ્રી જે.કે.સોલંકી કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ખેરગામ તથા, વાંસદા તથા ખેરગામ પો.સ્ટેના થાણા અધિકારીશ્રીઓની હાજરીમાં આજ રોજ તા.૧૩/૦૪/૨૦૨૩ મોજે માંડવખડક પટેલ ફળીયા નવાનગર પાસે પ્રોહીબીશનના ૨૨૭ ગુનામાં કબ્જે કરેલ બોટલ નંગ-૨૩,૨૩૯ કિ.રૂ.-૩૧,૪૬,૮૦૦/- નો મુદામાલનો નાશ કરવામાં આવેલ છે.






**પ્રેસનોટ તા.૧૪/૦૪/૨૦૨૩**

**ગણદેવી પોલીસસ્ટેશનના ચોરીના ગુનામાં છેલ્લા સાત માસથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કોર્ડ,એલ.સી.બી.નવસારી**

શ્રી ઋષિકેશ ઉપાધ્યાય IPS પોલીસ અધિક્ષક, નવસારી નાઓએ નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા અંગે **ડી.એસ.કોરાટ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી.નવસારી** નાઓને જરૂરી સુચના આપેલ.

ઉપરોક્ત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી.નવસારી નાઓએ **એમ.આર.વાળા પોલીસ સબ ઇન્સ્પેક્ટર પેરોલ ફર્લો સ્કોર્ડ નવસારી** નાઓને ઉપરોક્ત હુકમનું ચુસ્તપણે પાલન કરવા સુચના આપેલ.

જે અન્વયે આજરોજ **એમ.આર.વાળા પોલીસ સબ ઇન્સ્પેક્ટર પેરોલ ફર્લો સ્કોર્ડ નવસારી** નાઓ તેમની ટીમના પોલીસ કર્મચારીઓ હે.કો.ધર્મેન્દ્રસિંહ ગણપતસિંહ તથા પો.કો.નિમેષકુમાર કાંતીલાલ તથા પો.કો.કલ્પેશભાઇ મોહનભાઇ નાઓ સાથે નવસારી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ સુરત જીલ્લા ખાતે તપાસમાં હતા.દરમ્યાન **પો.કો.નિમેષકુમાર કાંતીલાલ તથા પો.કો.કલ્પેશભાઇ મોહનભાઇ** નાઓને સંયુક્ત રાહે મળેલ બાતમી હકીકત આધારે ગણદેવી પો.સ્ટે.પાર્ટ-એ-૧૧૮૨૨૦૧૨૨૨૧૩૮૭/૨૦૨૨ ઇ.પી.કો.કલમ-૪૦૮,૩૮૧,૪૧૪,૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુનાના નાસતા ફરતા આરોપીઓ-**(૧)અંકુર સ્વરૂપસિંગ ડોગરા ઉ.વ.-૩૩ (૨)બાદલ ઉર્ફે ચિનુ સ્વરૂપસિંગ ડોગરા ઉ.વ.-૨૪ બંને રહે.ઘર નં-૭૪ દ્વારકેશનગર સોસાયટી ભાડાના મકાનમાં સાયણ મેઇન રોડ તા.ઓલપાડ જી.સુરત**.નાઓને ગોથાણ-સાયણ રોડ બ્રીજ નીચેથી પકડી પાડી મજકુર આરોપીઓ ગણદેવી પો.સ્ટે.ના ચોરીના ગુનામાં નાસતા ફરતા હોય તેઓને CRPC-૪૧(૧)આઇ મુજબ અટક કરી આગળની વધુ કાર્યવાહી અર્થે ગણદેવી પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી;-**

PI ડી.એસ.કોરાટ,PSI એમ.આર.વાળા,HC ધર્મેન્દ્રસિંહ ગણપતસિંહ, PC નિમેષકુમાર કાંતીલાલ, PC કલ્પેશભાઇ મોહનભાઇ તમામ પેરોલ ફર્લો સ્કોર્ડ એલ.સી.બી નવસારી



## <u>પ્રેસ નોટ તા.૧૪/૦૪/૨૦૨૩</u>

## સિમકાર્ડ ખરીદનાર ગ્રાહકની જગ્યાએ અન્ય વ્યક્તિઓના ફોટા અપલોડ કરી કુલ્લે - ૪૨૧ સિમકાર્ડ એકટીવ કરવાના રેકેટનો પર્દાફાશ કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી/ટેકનીકલ ટીમ

અધિક પોલીસ મહાનિદેશક શ્રી એ.ટી.એસ અને કોસ્ટલ સિક્યુરીટી ગુ.રા., અમદાવાદ તરફથી ગુજરાત રાજ્યના અલગ અલગ જીલ્લા વિસ્તારમાં અલગ અલગ કંપનીના સિમકાર્ડનુ વેચાણ કરતા ચોક્કસ રીટેઇલરો દ્વારા એક અથવા અન્ય વ્યક્તિના ફોટાનો ઉપયોગ કરી ઘણા બધા સિમકાર્ડ અલગ અલગ વ્યક્તિઓના નામે એકટીવ કરી વેચાણ કરવાની પ્રવૃતી કરવામાં આવી રહેલ હોવા અંગેની માહિતી શેર કરવામાં આવેલ અને હકિકતની ખરાઇ કરી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ.

જેથી ઋષિકેશ ઉપાધ્યાય, IPS પોલીસ અધિક્ષકશ્રી નવસારી નાઓએ નવસારી જીલ્લા વિસ્તારમાં આવી રીતે અન્ય વ્યક્તિઓના ફોટા લગાવી બીજાના નામે સિમકાર્ડ એકટીવ કરતા દુકાનદારો/રીટેઇલરોને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા એસ.ઓ.જી શાખા/ટેકનીકલ સેલ નવસારી નાઓને જરૂરી સુચના તથા આપેલ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત સુચના અંતર્ગત પો.ઇન્સ. પી.બી.પટેલીયા તથા એસ.ઓ.જી સ્ટાફ/ટેકનીકલ સેલના સ્ટાફ સાથે ટીમો બનાવી જે ટીમો દ્વારા એ.ટી.એસ તરફથી આવેલ ઇનપુટ આધારે ટેડા એકત્રીત કરવામાં આવેલ અને તે ડેટા એનાલીસીસ કરી નવસારી જીલ્લામાં આવી રીતે એક જ અથવા અન્ય વ્યક્તિના ફોટાનો ઉપયોગ કરી ઘણા સિમકાર્ડ વેચાણ કરેલ ત્રણ વ્યક્તિઓને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ જે ત્રણેય આરોપીઓને એસ.ઓ.જી શાખા/ટેકનીકલ સેલ નવસારી દ્વારા ઝડતી પાડવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

- આરોપી નંબર (૧) અભીષેક ઋષીકેશભાઇ પાન્ડે ઉ.વ. ૨૮ રહે. ડી/30, પાર્શ્વ ડાયમંડ ઉધોગનગર વિજલપોર નવસારી તથા આરોપી નંબર (૨) કસ્ટમર એપ્લીકેશન ફોર્મ (CAF) માં અપલોડ કરેલ ફોટાવાળી વ્યક્તિ એજન્ટ નાએ એકબીજાની મદદગારીથી ગર્ગ કિરાણાના નામથી કુલ ૧૬૦ VI કંપનીના સિમકાર્ડ ગ્રાહકની જગ્યાએ બીજી વ્યક્તિનો ફોટો એકટીવ કરી વેચાણ કરેલ છે.
- આરોપી નંબર (૧) હીતેશભાઇ શોભરાજ દેવનાની ઉ.વ. ૩૧ રહે. ગુરુનાનક નગર સીંધીકેમ્પ પ્રીતમચોકની બાજુમાં તા.જી.નવસારી તથા નંબર (૨) અભીષેક ઋષીકેશભાઇ પાન્ડે ઉ.વ. ૨૮ રહે. ડી/30, પાર્સ્વ ડાયમંડ ઉધોગનગર વિજલપોર નવસારી નાઓ એકબીજાની મદદગારીથી સરકારી માન્ય કન્ટ્રોલના નામથી કુલ ૧૬૦ VI કંપનીના સિમકાર્ડ ગ્રાહકની જગ્યાએ બીજી વ્યક્તિનો ફોટો એકટીવ કરી વેચાણ કરેલ છે.
- આરોપી જયકુમાર ધીરજલાલ ટંડેલ ઉ.વ ૩૨ રહે ભાગ્યલક્ષ્મી સોસાયટી ગોહરબાગ બીલીમોરા તા.ગણદેવી જી.નવસારી નાએ આશિષકુમાર પટેલ તથા વિનીત મોબાઈલના નામથી કુલ ૧૦૧ VI કંપનીના સિમકાર્ડ ગ્રાહકની જગ્યાએ બીજી વ્યક્તિનો ફોટો તેમજ ગ્રાહકના આધારકાર્ડમાં બીજી વ્યક્તિનો ફોટો અપલોડ સિમકાર્ડ કરી વેચાણ કરેલ છે.

<u>મજકુર આરોપીઓ વિરૂધ્ધ અનુક્રમે નીચે મુજબના ગુનાઓ રજીસ્ટર કરવામાં આવેલ છે.</u>

(૧) નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ એ ૧૧૮૨૨૦૧૯૨૩૦૫૬૧/૨૦૨૩ IPC કલમ ૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ
(૨) નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ એ ૧૧૮૨૨૦૨૧૨૩૦૫૧૨/૨૦૨૩ IPC કલમ ૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ
(૩) ગણદેવી પો.સ્ટે. પાર્ટ એ ૧૧૮૨૨૦૧૨૨૩૦૫૭૮/૨૦૨૩ IPC કલમ ૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ
(૪) બીલીમોરા પો.સ્ટે. પાર્ટ એ ૧૧૮૨૨૦૦૬૨૩૦૪૭૫/૨૦૨૩ IPC કલમ ૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ

<u>સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ</u>

શ્રી પી.બી.પટેલીયા પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી નવસારી
અ.એસ.આઇ દિનેશભાઇ કુલસિંગભાઇ એસ.ઓ.જી નવસારી
અ.હે.કો પરેશભાઇ સોમાભાઇ એસ.ઓ.જી નવસારી
અ.હે.કો મોહમદફૈસલ મ્મકબુલહુસેન એસ.ઓ.જી નવસારી
અ.હે.કો મયૂરભાઇ રઘુભાઇ એસ.ઓ.જી નવસારી
અ.હે.કો સંતોષભાઇ સુનિલભાઇ એસ.ઓ.જી નવસારી
અ.પો.કો ભક્તેશભાઇ નિવૃતીભાઇ એસ.ઓ.જી નવસારી
અ.પો.કો અમરભાઇ ભગવાનભાઇ એસ.ઓ.જી નવસારી
અ.પો.કો કિરણભાઇ દિનેશભાઇ એસ.ઓ.જી નવસારી
અ.પો.કો અશોકભાઇ પ્રભુભાઇ એસ.ઓ.જી નવસારી
આ.પો.કો મહેશભાઇ રામજીભાઇ ટેકનીકલ સેલ નવસારી



jay tandel 14:28



abhishek pande 14:28



hitesh devnani 14:28

# નવસારી જીલ્લા પોલીસ

ડૉ.કરનરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી નાઓએ પ્રવર્તમાન સમયમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે નવસારી ટાઉન પોલીસ ટીમએ બાતમી હકીકત મેળવી ગંજીપાનાનો તીન પત્તી હારજીતનો જુગાર રમતા આરોપીઓની અંગ ઝડતીમાંથી રોકડ રૂ.૫,૮૫૦/- તથા દાવ ઉપરના રોકડા રૂ.૪,૪૦૦/- મળી રોકડા રૂ.૧૦,૨૫૦/- સાથે મોબાઈલ નંગ-૫ મળી કુલ કિ.રૂ.૪૭,૭૫૦/- ના મુદ્દામાલ સાથે કુલ-૭ આરોપીઓને પકડી પાડવામાં આવેલ.



spnavsariofficial | sp_navsari | (02637) 246303


# નવસારી જીલ્લા પોલીસ


ડૉ.કરનરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી નાઓએ પ્રવર્તમાન સમયમાં પ્રોહીબીશન પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે ચીખલી પોલીસ સ્ટેશનની ટીમ એ બાતમી હકીકત મેળવી ભારતીય બનાવટની વિદેશી દારૂની વિસ્કીની નાની-મોટી બાટલીઓ તથા ટીન બીયર નંગ-૨૯૮૮/-, કિ.રૂ.૨૭૬૪૦/- સાથે ટાટા કંપનીનો બંધ બોડી વાળો ટ્રક GJ-15-AV-0790 મળી કુલ કિ.રૂ.૧૮,૫૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડવામાં આવેલ.





spnavsariofficial | sp_navsari | (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

ડૉ.કરનરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી નાઓએ પ્રવર્તમાન સમયમાં પ્રોહીબીશન પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે બાતમી હકીકત મેળવી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૧, કિ.રૂ.૨૭૬૪૦/- સાથે મહિલા આરોપીને પકડી પાડવામાં આવેલ.






# નવસારી જીલ્લા પોલીસ



**ધરમપુર પોલીસ સ્ટેશન જી.વલસાડના ગણનાપાત્ર પ્રોહીબીશન ગુનામાં વોન્ટેડ આરોપીને પકડી પાડતી ખેરગામ પોલીસ ટીમ**